

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*હતા પ્રચારક, એ સફળ પ્રચારક જ રહ્યા!*
*ધર્મ-જાતિની ટૂંકી દૃષ્ટિથી એ કારક જ રહ્યા!*
*ધારણ રહ્યા પંચશીલના, વિશ્વ વિભૂતિ નહેરુ -*
*આ તો ‘પક્ષ’ના અને ‘સંઘ’ના ઉદ્ધારક જ રહ્યા.*
*(રોડ શો - પ્રચારલીલા)*

### હાઈકુ

*પથરાય છે!*
*લ્યો! પાટીદાર માટે -*
*લાલ જાજમ*

*મત મશીન*
*કર્યા સત્તા વિમુખ*
*કરશે એક...*
*(વિપક્ષો EVMમાં એકમત)*

### ચિંતન

*નિઃશ્વાસે ન હિ વિશ્વાસો કદા રુદ્ધો ભવિષ્યતિ ।*
*કીર્તની યમતો બાલ્યાત્ હરર્નામૈદ કેલવમ્ ॥*

ઉપરોક્ત શ્લોક ડીવાઈન સંસ્કૃત શ્લોક સંગ્રહમાંથી લેવામાં આવેલ છે.

શંકરાચાર્ય માનવજીવનની નશ્વરતાનું વર્ણન આમ કંઈક કર્યું છે. શ્વાસનો કંઈ ભરોસો નથી કે કયારે અટકી જશે, તેથી (માણસે) બાલ્યાવસ્થાથી જ કેવળ હરિ નામનું સંકિર્તન કરવું જોઈએ.

જીવન તો ક્રિકેટની રમત જેવું અનિશ્ચિત છે. ક્રિકેટની રમતમાં કોઈ જ બેટ્સમેનને ખબર હોતી નથી કે, કયો દડો એના માટે આખરી દડો છે. એવી જ રીતે જીવનના ખેલમાં કોઈ જ માણસને જાણકારી નથી કે કયો શ્વાસ એના માટે છેલ્લો શ્વાસ છે. પલક માત્રમાં માણસ હતો ન હતો થઈ જાય છે, મૃત્યુની ઘટના જેટલી નિશ્ચિત છે એટલો જ એનો સમય અનિશ્ચિત છે.

જીવન પ્રવાસ કેટલો લાંબો છે તેની કોઈને જાણ જ નથી, પરંતુ જેટલો સમય મળ્યો તેટલો કેમ વિતાવવો તે માણસ શીખી લેવું જોઈએ.

### સુવિચાર

- રાષ્ટ્રોની સંપત્તિ તો મનુષ્ય છે; રેશમ કપાસ કે સોનું ચાંદી નહિં - **રિચાર્ડ હોવ**
- સત્ય અને દયાનો કદી ત્યાગ ન કરો, એને માળાની જેમ ગળામાં ધારણ કરી, હૃદયપટલ પર અંકિત કરો - **બાઈબલ**
- આપણો ઉદ્દેશ જગતનું ભલું કરવાનો છે. આપણા ગુણોની સુકીર્તિ ગાવાનો નહિ - **વિવેકાનંદ**
- કોઈ માણસને તમે કાંઈ પણ શીખવી શકો નહિં, તમે ફક્ત તેની પોતાની અંદરથી તે શોલી કાઢવા કેવળ મદદ કરી શકો છો - **ગેલેલિયો**
- શાંતિ માનવની સુખી અને પ્રાકૃતિક અવસ્થા છે, યુદ્ધ તેની ભ્રષ્ટ અને કલંકિત અવસ્થા છે - **કાંતિ ભટ્ટ**
- વૃદ્ધો માટે અતિતના સુખો, વર્તમાનના દુઃખો અને ભવિષ્યના સર્વનાશથી વધુ મનોરંજક બીજા કોઈ પ્રસંગો હોતાં નથી - **અમૃત બિંદુ**
- આજનું ઔષધ - એલચીના ચૂર્ણને આમળાના ચૂર્ણ સાથે પાણી સાથે લેવાથી પગના તળીયાની બળતરા મટે છે.

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

વર્ષો પહેલાની વાત છે. લંડન શહેરમાં શેક્સપિયરનું નાટક ચાલે. લોકોએ આ નાટકને ખૂબ વખાણેલું. એ સમયમાં સમાજનો એક વર્ગ એવું માનતો કે નાટક જોવું એ પાપ છે, મિથ્યાચાર છે. સમાજમાં આવી વાત ફેલાયેલી હોય ત્યાં ધર્મના આગેવાન એવા પાદરીને નાટક કયાંથી જોવાય? છતાં એક પાદરી ને નાટક જોવાની ઉત્સુકતા જાગી.

એણે વિચાર્યું કે નાટક જોવાનો કોઈ એવો રસ્તો મળે કે જેથી નાટક જોવાઈ જાય અને છતાં નાટક નથી જોયું એમ કહેવાય. પાદરીએ આવી છટકબારી શોધવા નાટક જયાં ચાલતું હતું. તે હોલના માલિકને એક ચિઠ્ઠી લખી. એમાં પૂછ્યું, ‘મારે શેક્સપિયરનું નાટક જોવું છે, પણ મને કોઈ ન જુવે તેમ. માટે આગળના દરવાજાની બદલે મને પાછળના દરવાજાથી દાખળ થવાની સગવડ કરી આપશો, જેથી કોઈ જ મને જોઈ શકે નહિં.’

હોલના માલિકે પાદરીને ચિઠ્ઠીનો જવાબ મોકલ્યા. કાગળમાં લખ્યું, ‘આપની ચિઠ્ઠી મળી, પણ દિલગીરી સાથે જણાવવાનું કે અહીં એવો કોઈ દરવાજો નથી કે જે ઈશ્વરની નજરની બહાર હોય.’

# મોદીનું મિશન ગુજરાત

વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે સૌથી વધુ મહત્ત્વનું રાજય હોય તો તે ગુજરાત જ છે. ‘ગુજરાત મોડલ’ તરીકે દુનિયાભરમાં જાણીતી થયેલી એમની ‘સૌનો સાથ, સૌનો વિકાસ’ વાળી રાજનીતિ એમને ભરપૂર ફળી છે. ઉત્તરપ્રદેશમાં સામાન્ય મતદાતા પણ મોદી પ્રત્યે આકર્ષાયો હોય અને ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીની જેમ જ ત્યાં એમને વિધાનસભાની ચૂંટણીમાં પણ પ્રચંડ લોકસમર્થન સાંપડ્યું હોય તો તેનું મૂળ કારણ પ્રજાએ એમના ‘ગુજરાત મોડલ’ માં મૂકેલો વિશ્વાસ છે. ગુજરાતમાં સતત ત્રણ ત્રણ ચૂંટણીઓમાં વિજય પતાકા ફરકાવી મોદીએ દિલ્હી ભણી પ્રયાણ કર્યું અને વડાપ્રધાન તરીકે વિશ્વના ખૂણે ખૂણે એક વિશિષ્ટ પ્રતિભાશાળી ભારતીય નેતા તરીકે પ્રસ્થાપિત થયા. અમેરિકા અને યુરોપ જેવાં રાષ્ટ્રોએ અનુગોધરા નરસંહાર મુદ્દે મોદી પર મૂકેલા પ્રતિબંધો રાતોરાત હટી ગયા એટલું જ નહીં, મોદી સાથે જાણે જૂની મિત્રતા હોય એમ અમેરિકાના તત્કાલીન રાષ્ટ્રપતિ ઓબામાથી લઈ વિશ્વના તમામ નેતાઓએ એમનાં ઓવારણાં લીધાં. સાઉદી અરબ જેવા મુસ્લિમ રાષ્ટ્રના વડા પણ આ પ્રશંસકોમાં જોડાયા. આટલી યશસ્વી કારકિર્દી સિદ્ધ કર્યા પછી મોદી માટે ૨૦૧૭ની ગુજરાત વિધાનસભાની ચૂંટણી સ્વાભાવિક રીતે જ અંગત પ્રતિષ્ઠાનો મુદ્દો બની ગઈ છે. મોદીએ એથી જ ઓડિશામાં ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધિવેશનમાં સીધા જ સુરત આવી અગિયાર કિ.મી. જેટલા એરપોર્ટ અને સરકીટ હાઉસ વચ્ચેના અંતરને એમના પ્રચંડ રોડ શોમાં ફેરવી દીધું. સામાન્ય રીતે વડાપ્રધાન સલામતીનાં કારણોસર આવા ભીડવાળા માર્ગો પર પ ખુલ્લી જીપમાં જનઅભિવાદન સ્વીકારવાનું પસંદ ન કરે. પરંતુ કદાચ એમના સલામતી રક્ષકોની પણ કસોટી કરતા હોય એમ આટલા લાંબા અંતરમાં પાર્ટી દ્વારા આયોજનપૂર્વક કરાયેલી જાહેરાતો અનુસાર તેઓએ ખુલ્લી જીપમાં જનમેદનીનું અભિવાદન ઝીલ્યું અને એક અદના ગુજરાતી નેતાએ આવડા મોટા દેશ પર ચક્રવર્તી સમ્રાટની જેમ એકચક્રી શાસન સ્થાપવાનો ન ભૂતો ન ભવિષ્યતિ જેવો વિક્રમ સ્થાપ્યો, એની પ્રતીતિ કરાવી. પ્રજાને સુશાસન આપવાના અને મુસ્લિમો સહિતના ગરીબોને કલ્યાણ યોજનાઓના લાભ પહોંચાડવાના બુલંદ ઈરાદા સાથે દિગ્વિજય કર્યા પછી પહેલી જ વાર ગુજરાતની આર્થિક રાજધાની બની ગયેલી સૂર્યનગરીથી એ ગુજરાત વિધાનસભાની આગામી ચૂંટણીમાં વિક્રમજનક સમર્થન મેળવવા ચૂંટણી પ્રચારનો સૂત્રપાત કરી રહ્યા છે. મોદી ઉત્તર ગુજરાતના પનોતા પુત્ર છે, પરંતુ છેલ્લા કેટલાક સમયથી ઉત્તર ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીનું વર્ચસ્વ ઘટતું ચાલ્યું છે. એથી કદાચ આગામી ચૂંટણીમાં ઉત્તર ગુજરાત કદાચ વાંકુ ચાલે તો દક્ષિણ મોદી ઉત્તર ગુજરાતના પનોતા પુત્ર છે, પરંતુ છેલ્લા કેટલાક સમયથી ઉત્તર ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીનું વર્ચસ્વ ઘટતું ચાલ્યું છે. એથી કદાચ આગામી ચૂંટણીમાં ઉત્તર ગુજરાત કદાચ વાંકુ ચાલે તો દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર એ ખોટ ભરપાઈ કરી શકે એવી અમિત શાહ પ્રેરિત કૂટનીતિને મોદીએ માન્ય ઠેરવી સુરતથી શરુઆત કરી, તાપીના આશીર્વાદ લઈ એક તરફ અબજોપતિ કાઠિયાવાડી પાટીદારો અને બીજી તરફ વ્યારા પંથકના વનવાસીઓએ હાથ પર લેવાનું આયોજન કર્યું છે. મોદી સુરત-તાપીના કાર્યક્રમો પતાવી સીધા જ બોટાદ જશે. બોટાદ એ મેઘાણીની કર્મભૂમિ. મોદીએ એમના મિશન ગુજરાતમાં એકી સાથે નર્મદ અને મેઘાણીને સાંભળીને રાણાનો પહેલો ઘા ઝીંક્યો છે. ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણી માટે વડાપ્રધાને જ નગારે ઘા ઝીંક્યા પછી ચૂંટણી વહેલી આવે છે, એવાં એંધાણ વરતાઈ રહ્યાં છે.

**તંત્રીસ્થાનેથી...**

# સફળતાની કેડીનો માર્ગ કયારેય સીધો ને સરળ હોઈ ન શકે

તે દિવસે નરેશ બોસ પર ખૂબ રોષે ભરાયેલો. તેને લાગ્યું કે તેને અન્યાય થયો છે. નરેશે હિંમત કરીને બોસને સંભળાવી જ દીધું.

નરેસ અને સુરેશ. બંને બાળપણના મિત્રો, સાથે રમ્યા, ભણ્યાને સાથે નોકરીએ પણ લાગ્યા. એક જ કંપનીમાં. બંને ખૂબ મહેનતું. થોડાક જ વર્ષોમાં સુરેશને ‘સેલ્સ એક્ઝિક્યુટિવ’ તરીકે પ્રમોશન મળ્યું. નરેશને પ્રમોશન ન મળ્યું, તે ત્યાં ને ત્યાં જ રહ્યો. નિરાશ થયો હતો. સ્વાભાવિક હતું.

છેવટે નરેશે બોલને કહી દીધું, ‘સર, આપની કંપનીમાં હું પણ સુરેશની સાતે એના જેટલું જ કામ કરું છું. સિનિયોરિટીમાં પણ અમે બંને સરખા છીએ. વર્ષોથી મહેનત કરું છું. પરંતુ અહીં તો ચાપલૂસી કરનારને જ પ્રમોશન મળે છે.’ બોસે નરેશની બધી જ વાત શાંતિથી સાંભળી અને કહ્યું, ‘મારું એક કામ કરીશ ? બજારમાં જઈની ચીકુની તપાસ કરી આવ.’ નરેશને આશ્ચર્ય તો થયું. છતાં બજારમાં ગયો. તરત પાછો આવ્યો. બોસને જવાબ આપ્યો કે બજારમાં માત્ર એક જ ચીકુનો વેપાર છે.

બોસે પૂછ્યું, ‘શું ભાવ છે?’ નરેશ ફરીથી બજારમાં જઈ ભાવ પૂછી આવ્યો.

‘વીસ રૂપિયે કિલો, સર’ બોસે હવે સુરેશને તેની કેબિનમાં બોલાવ્યો. બોસે સુરેશને ચીકુના વેપારીની તપાસ કરવા કહ્યું, સુરેશ લગભગ એટલા જ સમયમાં તપાસ કરી પરત ફર્યો. તેણે બોસને કહ્યું, ‘સર, આખા બજારમાં ચીકુનો એક જ વેપારી છે. ચીકુ વીસ રૂપિયે કિલો છે, પરંતુ પાંચ કિલો ખરીદીએ તો એંસી રૂપિયામાં આપવા તૈયાર છે. એની પાસે ચોવીસ પેટી ચીકુનો સ્ટોક છે. એક પેટીમાં વીસ કિલો ચીકુ સમાય છે. ચીકુ કથ્થી રંગના છે. ચીકુની ક્વૉલિટી સારી છે. હું ચાખીને આવ્યો છું. ચીકુ સ્વાદમાં મીઠાં છે.’

બોસ કંઈ બોલ્યા નહીં, પરંતુ નરેશ બોસમાં મૌનને બરાબર સમજી શક્યો. સુરેશ અને નરેશ વચ્ચેનો તફાવત સાહેબના મૌનમાં પડઘાતો હતો. માત્ર ડિગ્રી મહત્ત્વની નથી કે નથી મહત્ત્વની સિનિયોરિટી. આજના યુવાનને નોકરી જોઈએ છે પણ પરિશ્રમ કરવાથી દૂર ભાગવું છે. એક્ઝિક્યુટિવ કક્ષાની નોકરી ઈચ્છે છે પરંતુ વિષયની સમજ અને ઊંડાણ કેળવવા પ્રત્યે બેદરકાર રહે છે. વ્યક્તિની સફળતાના મૂળમાં અવલોકનશક્તિ રહેલી છે.

આપણા પૂર્વજો વર્ષોથી આંખ અને કાન ખુલ્લા રાખવાની વાત કહેતા રહ્યા છે. વ્હાઈટ કોલર જોબનો ચાહક આજનો યુવાન મસ મોટી ડિગ્રી તો લઈ લે છે. પણ વિનય અને વિવેકમાં પાછો પડે છે. સાંભળવામાં અને શ્રવણ કરવામાં ફેર છે. તેમ જોવામાં ને નિરક્ષણ કરવામાંય ઘણો તફાવત છે.

આ વિશ્વ સુરેશ અને નરેશ જેવા યુવાનોથી ભરપૂર છે. સફળ વ્યક્તિઓ અનુભવ કહેતા હોય છે ને નિષ્ફળ વ્યક્તિઓ બહાના ગણાવતા હોય છે. સફળતા કોઈનો ઈજારો નથી. ધ્યાનપૂર્વક શ્રવણ કરવું અને ઊંડાણપૂર્વક નિરીક્ષણ કરવું એ સફળતાની પૂર્વશરત છે.

સુરેશ-નરેશના વિચારો અને કૌશલ્યોનો સમગ્ર ચિતાર ચીકુની તપાસમાં ઉઘડી ગયો.



**અદબ-પલાંઠી મોં પર આંગળી**
**ડૉ. સંતોષ દેવકર**

સમાજની કરુણતા જુઓ કે અસામાજિક કામ કરતી વ્યક્તિઓ પણ પોતાના વ્યવસાયમાં પ્રામાણિક વ્યક્તિઓ જ જોડાણ તેવી અપેક્ષા રાખે છે. ડિગ્રીની સાથે વ્યક્તિત્વના ચાર પાયા મજબૂર રીતે વિકસાવવામાં આવે તો સફળતાની ઈમારત ઊભી થતાં વાર નહિ લાગે. એ ચાર પિલ્લરો આ રહ્યા : આત્મવિશ્વાસ - ધીરજ - પ્રામાણિકતા - પરિશ્રમ.

સફળતાની કેડીનો માર્ગ કયારેય સીધો ને સરળ હોઈ ન શકે. મુશ્કેલી અને અવરોધ વગરનો માર્ગ પસંદ કરનારા ખરેખર તો કયાંય પહોંચતા જ નથી હોતા. ખૂબ ઓછા યુવાનો કાંટાળા માર્ગ પર ચાલવાની હિંમત કરતાં હોય છે. જીવનની પ્રત્યેક સમસ્યામાં માર્ગ કાઢવાની અને પ્રસન્ન રહેવાની કળા એટલે કેળવણી.

મિસરી : ‘અલ્યા, કાગળ પર ચીતરે છે મોર મોરને તો નાનકડું છોકરુંય ચીતરે હોય હિંમત તો ટહુકો તુ દોર...’

- (રમેશ પારેખ)

- santoshdevker03.gmail.com

# એક આખી જિંદગી ઓછી પડે, પ્રેમ એ કયા બે ઘડીનો ખેલ છે...

પ્રેમ પરમાત્માની વ્યવસ્થા છે, વિવાહ સામાજિક વ્યવસ્થા છે, પ્રેમ એ કોઈ એક મનના ખૂણામાં એકાંતમાં પ્રગટે છે, પ્રેમ પ્રકૃતિનું દાન છે. વિવાહ સમાજ, કાનૂન નિયમિત કરે છે.

જીવનમાં કયાક પણ પડવા કરતા આજકાલ પ્રેમમાં પડવું સૌથી સરળ વાત થઈ ગઈ છે. ફેસબુક પર, ટ્વિટર પર, વ્હોટ્સએપ ચેટિંગ આ બધામાં આ માધ્યમો દ્વારા પ્રેમમાં પડવાના અનેક રસ્તાઓ ખુલ્લા થઈ ગયા છે.

વળી હવે પ્રથમ નજરનો પ્રેમ થાય તો બીજી નજરમાં એમનાંથી નીકળી પણ જવાય છે... ઘણા બિરાદરો હાલતા ને ચાલતા અઠવાડિયામાં બે વાર પ્રેમમાં પડે છે અને તેટલી જ સહજતાથી તેમાંથી નીકળી પણ જાય છે.

‘અભી બોલા અભી ફોક’ ‘બ્રેક અપ બ્રેક અપ બ્રેક અપ’ એટલે વાત ખતમ... સ્કૂલમાં હા હા ! સ્કૂલમાં પણ કેન્ટિનમાં બ્રેકઅપ પાર્ટી મનાવવામાં આવે છે...

બે મિનિટ મેગીના સમયમાં બધુ ઈન્સ્ટન્ટ મિક્સ થઈ ગયું છે...

આજના આ ટ્વિટરીયા યુગમાં રચના પણ ઈશ્વર દ્વારા એવી રીતે જાણે કે કરવામાં આવે છે, કે તેના પર પડતા જખ્મોને રુઝાતાં વાર નથી લાગતી.. કૃષ્ણએ કહ્યું છે તેમ આત્મા જેમ એક શરીર બદલીને બીજા શરીરમાં પ્રવેશ કરે છે તેમ આજે પ્રેમના વિષયમાં બની રહ્યું છે. એક હૃદય બદલાઈને બીજા હૃદયમાં તત્કાલ પ્રવેશ સુગમ છે.

બોલીવુડમાં પણ તમે જુઓ શુદ્ધ રોમેન્ટીક મુવી અવનવા માત્રા પ્રમાણમાં ખૂબ ઓછી થઈ ગઈ છે. ‘એક દૂજે કે લિયે’ ટાઈપના મૂવી હવે નવી જનરેશને પચવા પણ મુશ્કેલ થઈ પડવાના છે... લીવ ઈન રીલેશનના જમાનામાં - ‘કભી કભી’ માં અમિતાભ અને રાત્રી માત્ર પોતાના ઘરવાળાની ઈચ્છાઓને માન આપીને છૂટા પડી જાય છે. તેવી વાતને તકીયાનુસી ખપાવાય તો નવાની નહીં.

પ્રેમ પરનું ખૂબ અઘરું અને ભારેખમ વાતાવરણ, પિકચર કે લખાણ હવે ગમતું નથી. ગમાડવામાં આવતું નથી. ઈન્સ્ટન્ટના જમાનામાં નિરાંતવાળી વાત નથી... અને માટે જ પ્રેમતત્ત્વ લગ્ન પછી ઓછપાતું જાય છે... શા કારણે ! પ્રેમ ચિરંતન નથી રહી શકતો... તે ચિંતનીય છે...

એક વાર એક માછલીને પૂછવામાં આવ્યું કે સમુદ્ર શું છે ? કહે તો ! તો માછળી મૂંઝાઈ ગઈ પછી સમુદ્ર બતાવીને કહ્યું કે આ છે સમુદ્ર. ફરી પ્રશ્ન પૂછાયો સમુદ્ર બતાવવાનો નથી. સમુદ્ર શું છે તે કહે ! માછલી ડૂબકી મારીને ચાલી ગઈ...

સમુદ્ર બનાવી શકાય... કહી ન શકાય... પ્રેમ કરી શકાય... તેના વિશે કહી કહીને વાત કરી કરીને પ્રેમ કરવાનો બાજુ પર થઈ ગયો... જેમાં જીવવાનું છે, તેને વર્ણિત કરવાના આયાસ થતા રહે છે...



**વિચારયાત્રા**
**ડૉ. જય ઓઝા**

મૂળ તકલીફ એ છે કે આ વિષય પર પરિવારોમાં નિખાલસતાથી ચર્ચા કરવામાં નથી આવતી, ગર્ભિત અને છૂપાવવાના વિષયની જેમ સંતાડવામાં આવે છે. એટલે દીકરો કે દીકરી જયારે ટીન એજમાં કે યુવાનીમાં પગરણ માંડે ત્યારે અકળ મૂંઝવણ અનુભવે છે અને પછી ઝટ પર પ્રેમમાં પડીને ખતા ખાય છે... ડી.ડી.એલ.જે.માં શાહરુખના બાપ બનતા અનુપમ ખેર એ દરેક નવયુવાનના પિતા માટે આદર્શ પિતા છે... તો વળી સામે એ પણ છે કે પુત્ર સાથેની મિત્રતા આછકલાઈમાં ન ખપી જાય... વસ્તુ ખૂબ સરળ છે... ગૂઢ આપણે બનાવી દીધી છે...

પ્રેમમાં પડતી વખતની મીઠી મૂંઝવણ, અચકાટ, ગભરાટ, કોઈને ખબર ન પડી જાય તેની ભીંતી આ બધી મજા જ અલગ છે... આ મુંઝવણ સમજવા જેટલી પણ હૃદયથી નરમાશ હવે પ્રેક્ટીકલને એ પકડી છે.

પરંતુ ઈન્સ્ટન્ટ મિક્સ જેટ યુગમાં આજની પેઢી ઝડપથી પ્રેમમાં પડે અને ઝડપથી પ્રેમમાં પડે અને ઝડપથી બ્રેક-અપ કરી લે તેની સામે કાગારોળ મચાવવાનો કોઈ ઈરાદો નથી. પરંતુ લીવઈનરીલેશન શીપ વાળા સમયમાં પુષ્કળ પ્રમાણમાં તે જ કપલ બે વર્ષ પછી તે રીલેશનશીપથી ઉબાઈને કંટાળીને અથવા હીજરાઈને તે બંનેમાંથી સ્ત્રી પાત્ર હેરેસમેન્ટની મોલેસ્ટેશનની ફરિયાદ નોંધાવવા પહોંચી જાય છે.

ફટકે પ્રેમમાં પડી અટકે લગ્ન કરનારા તડાકા ભેર ડીવોર્સ પણ ફટફટ લઈ લેતા નજરે પડે છે. વડીલો કહે છે, કે જરા પણ ‘ટોલરન્સ પાવર’ જ રહ્યો નથી. અમારા સમયમાં તો આવું જતું જ નહોતું...

તેઓની વાત પણ ખોટી છે, પહેલાં માત્ર માતાપિતાની ઈજ્જત સમાજની બીકે ઘણા કજોડા સજોડે ફરતા જોવા મળી રહ્યા હતા...

સમય બદલાયો છે, નવી પેઢી વધુ પ્રેક્ટિકલ પગભર બની છે, સંબંધ વેંઢારવા કરવા સારી રીતે અલગ થવામાં સાર માને છે.

વાત લગ્નની જ નથી... પ્રેમની છે... લગ્નપ્રેમ કદાચ તૂટી શકે પણ પ્રેમલગ્ન તો ન જ તૂટવા જોઈએ... પ્રેમમાં બોરીંગ લેકચર કે અલંકારીક કવિતાઓ માથે મારવાના બદલે એકબીજાના સન્માનની સંભાળ અને બંનેના સ્વતંત્ર અસ્તિત્વના સ્વીકાર સાથેના પ્રેમની કેડી આકારીત કરવામાં આવે તો... સનાતન પ્રેમની અનુભૂતિ પ્રૌઢ બનવા દેતો નથી... સદા મનથી યુવાન રાખે છે...

ટીમ એજર સાથે મિત્ર બનીને વાત કરશો... તો મા-બાપ તરીકે તમને તેઓ વધુ રિસપેક્ટ આપશે... નવા જમાનાની નવી મૂંઝવણને જાણવાનો યત્ન તો કરો.... પછી પહેલા ખુદ સમજો કે મુદ્દો શું છે ? પછી જાણો.. અને સમજાવો કે... આ અવસ્થા દુઃખી થવા માટે નહીં પરંતુ સર્વોચ્ચ આનંદ પામવા માટેની છે....

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# મૂકાવો ચંદ્ર પર તમારા નામની તકતી!

‘તમારે ચંદ્ર ઉપર સૂર્યની માફક ચમકવું છે?! - તો મૂકાવો ચંદ્ર પર તમારા નામની તકતી!’

થોડા સમય પહેલા એક સ્પેસ સ્ટાર્ટઅપ કંપની દ્વારા મૂકાયેલી આવી જાહેરાત વાંચી, અમે આનંદથી ઝૂમી ઉઠ્યા! ચંદ્ર પર Star બનવાનું કોને ન ગમે ?!

જાહેરાત આ પ્રમાણે હતી!

‘ફક્ત પાંચસો રૂપિયામાં નવી પાંચસો રૂપિયા કદ જેટલી જ એલ્યુમિનિયમની તકતી પર તમે તમારું નામ કે કંપનીનું નામ લખાવી શકશો. કંપનીનો ‘રોબોટ’ ૨૮મી ડિસેમ્બર ૨૦૧૭ના રોજ PSLV રોકેટ આયોજિત મિશન દ્વારા પૃથ્વીથી ૩.૮૪ લાખ કિલોમીટરની મુસાફરી કરી ૨૬મી જાન્યુઆરી ૨૦૧૮ના રોજ ચંદ્ર પર લેન્ડીંગ કરશે અને ત્યારે ત્યાં તમારી તકતીનું શિલારોપણ’ થશે!’

ભવિષ્યમાં જયારે રેગ્યુલર ‘લ્યૂનાર’ સ્પેસ શટલ સર્વિસ’ શરુ થશે ત્યારે તમારા વંશજો ત્યાં જશે તો તમારા નામની તકતી ‘અશોકના શિલાલેખ’ ની માફક જોશે અને ત્યારે તેઓ પણ અમેરિકાના પ્રેસીડેન્ટ ટ્રમ્પની માફક જ ગર્વ અનુભવશે ! ટ્રમ્પે તેમના ‘ભાથા’માંથી આ પ્રથમ જ ‘MOAB’ નું તીર છોડી ભયંકર ત્રાસવાદી બગદાદીના અડ્ડાઓનો કચ્ચરાણ વાળી નાખ્યો છે! તેમને ગર્વ અનુભવવાનો પુરો અધિકાર છે! બાકી વાતોના વડાથી કાંઈ ન થાય! તેમના ભાથામાં હજુ તો બીજા ઘણા ‘ટ્રમ્પ કાર્ડ્સ’ બાકી હશે! ‘આપણે કાશ્મીરમાં પત્થરબાજો અને અલગતાવાદીઓ સામે આવું શા માટે કરી શકીએં નહીં?!’ - તેનો જવાબ છે - ‘કારણ કે કાશ્મીરમાં આદિત્યનાથ નથી!’

**બર્થ-ડે ગીફ્ટ !**
**ચિત્રસેન શાહ**

આગળ લખેલ ‘લ્યૂનાર સ્પેશ શટલ’ની વાત આજે આપણે અશક્ય લાગતી હોય પરંતુ ટેકનોલોજી જે ઝડપે બદલાઈ રહી છે. તે જોતા તો આપણે Next જનરેશન જ ચંદ્ર પર આપણું નામ વાંચશે! (જો ૫૦૦ રૂપિયાનું ઈન્વેસ્ટમેન્ટ કર્યુ હશે તો !) અમારા એક મિત્ર જે સોલાર એનર્જી જનરેશન સાથે સંકળાયેલા છે તેમણે તો - ‘ચંદ્ર પર સોલાર હાઉસ’ નામની તકતી પણ બનાવડાવી દીધી છે! ટેકનોલોજી એટલી ઝડપે બદલાઈ રહી છે કે સવારની ‘ટીનએઈજર’ ટેકનોલોજી સાંજે તો ‘સિનિયર સિટીઝન’ બની જાય છે!

‘મુવી’નો જ દાખલો લઈએ તો ગઈકાલે સુધી આપણે ‘3D’ પિકચર જોઈને રોમાંચ અનુભવતા હતા! ‘3D’ સ્ક્રીન પરથી પ્લેટ આપણા તરફ ધસમસતું આવતું હોય ત્યારે જાણે પ્લેન આપણી સાથે ટકરાશે તેવી બીકથી આપણે આપણું માથું નમાવી દઈએ છીએ! પરંતુ હવે એવી ટેકનોલોજી આવી છે કે પિકચર જોતાં આપણે જાણે તેનો હિસ્સો જ હોઈએ. તેવો અનુભવ થાય છે! (જેને ઓગમેન્ટેડ ટેકનોલોજી કહે છે.)

દાખલા તરીકે આપણે જયારે અમિતાભની ‘ઘુડખર’ (કચ્છના રણમાં જ હોય છે અને જંગલી ગધેડા તરીકે પણ ઓળખાય છે.) વાળી ગુજરાત ટુરીઝમની જાહેરાત જોઈએ ત્યારે આપણે પણ જાણે ‘ઘુડખર’ અને અમિતાભ વચ્ચે જ ઉભા હોઈએ તેવો ભાસ થાય !

●●●

આગલ લખેલી બધી વાતો મેં એક પુસ્તકમાંથી લીધી છે! તે છે - મને બર્થ-ડે પર ગીફ્ટ સ્વરુપે મળેલું પુસ્તક!

જેનું - નામ છે - ‘બર્ડ-ડે ગીફ્ટ!’

# દસ્તાવેજી ચિત્રો એક અર્થમાં આવનારી પેઢીઓ માટે ઈતિહાસ છે

‘મેં કવિ - રાજપુરુષ નહિ, સંપૂર્ણ મનુષ્ય બનવા ચાહતા હું’

આ શબ્દો કહ્યા છે પૂર્વ વડાપ્રધાન અને કવિ અટલ બિહારી બાજપાઈએ એમની કવિતાઓ વિશે બનેલી એક વિશેષ ડોક્યુમેન્ટરી ફિલ્મમાં...

તાજેતરમાં અમદાવાદમાં પ્રવેગ દ્વારા જાણીતા ફિલ્મ નિર્માત્રી ગાયત્રી જોષીએ બનાવેલી ફિલ્મો પૈકી બે ફિલ્મો રજૂ થઈ ત્યારે દર્શકોએ આ શબ્દો પડદા પર સાંભળ્યા હતા. ફિલ્મ નિરર્શન બાદ પદ્મશ્રી વિષ્ણુ પંડ્યા અને ભરતભાઈ પંડ્યા જેવા વક્તાઓએ વાતવાતમાં અટલજીને રાજપુરુષ ઉપરાંત દેવપુરુષ તરીકે ઓળખાવ્યા હતા. ફિલ્મમાં પ્રશ્નોત્તરી દરમિયાન અટલજીએ વિવિધ પ્રસંગોનો ઉલ્લેખ કરીને તેની અસર રૂપે પ્રગટેલ કવિતાઓનું વાંચન કર્યું છે... સ્મરણો તાજા કર્યા છે અને કાવ્યમાં તેઓ એક સંવેદનશીલ માણસ તરીકે કેવા ઓતપ્રોત થયા એની પ્રતીતિ દર્શક-ભાવકને કરાવી છે.

ગાયત્રી જોશી આઉટ સ્ટેન્ડીંગ ડોક્યુમેન્ટરી ફિલ્મ બનાવનાર છે, ઉત્તમ વોઈસ ઓવર આર્ટીસ્ટ છે, લોકપ્રિય સમાચાર વાચક છે, ખુબ સારી એન અને અભ્યાસપૂર્ણ સ્ક્રીપ્ટ રાઈટર છે અને એની પાસે પોતાની કલાદૃષ્ટિ લેખન તથા પ્રસ્તુતિની વિશેષતા અને આગવો વિચાર વૈભવ છે.

ડૉ. શ્યામા પ્રસાદ મુખરજી, પૂર્વ વડાપ્રધાન ચંદ્રશેખરના જીવન પર ડોક્યુમેન્ટરી બનાવી. પદ્મશ્રી બી.વી. કામથ, ત્રિપુરારી શર્મા, પ્રેમ મટીયાની તથા પદ્મશ્રી વિષ્ણુ પંડ્યા જેવા દિગ્ગજ સાથીઓ સાથે ગાયત્રીએ પોતાના પ્રોજેક્ટમાં કામ કરવાનો અનુભવ મેળવ્યો. અટલ બિહારી વાજપેયીની કવિતાઓ વાંચી તો થયું કે એમની કવિતા અને એક તરીકેની પ્રતિભા પર ફિલ્મ બનાવું... ડૉ. વિષ્ણુ પંડ્યાનું માર્ગદર્શન મળ્યું અને આ ફિલ્મ બની... એ સમયના ફિલ્મ નિર્માણના અનુભવો યાદ કરતા ગાયત્રીએ કહ્યું કે અટલજી અત્યંત ભાવુક-સાલસ અને પ્રેમાળ વ્યક્તિત્વના ધની છે. એમની સાથે દિલ્હીમાં એક દાયકા કરતા વધુ સમય રહેવા મળ્યું એને એ પોતાનું સદ્ભાગ્ય માને છે.



**અજવાળું - અજવાળું**
**તુષાર જોશી**

હાલ એ અમેરિકા સ્થાયી છે અમેરિકામાં દિવ્ય પાત્રા પ્રોજેક્ટ ઉપરાંત ધ ટેમ્પલ્સ ઈન નોર્થ અમેરિકા અને હેલ્થ ચેનલના ક્ષેત્રે કામ કરી રહી છે. ૨૦૦૪માં શરુ કરેલી મીડિયા એન્ડ ટેલિવિઝન એકેડમી હવે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે કામ કરી રહી છે. ટીવી એશિયા સાથે પણ એ સાતત્યપૂર્ણ રીતે જોડાયેલી રહી છે કન્સલટન્ટ તરીકે વ્યવસાયિક પાત્રતા - સર્જનાત્મકતા - ભાવનાત્મકતા અને નાવિન્યતાથી સભર ગાયત્રીએ અને નાવિન્યતાથી સભર ગાયત્રીએ અનેક વિષયોને પોતીકી કલાદૃષ્ટિથી દસ્તાવેજી ચિત્રોના માધ્યમ ન્યાય આપવા પ્રયાસ કર્યો છે.

ભારતીય પ્રજા જીવન પર જેમના વિચારોએ વ્યાપક અસર પાડી છે. એવા મહાપુરુષોના જીવન ચરિત્રો અને ગુજરાત-ભારતમાં લોકજીવનને આમ ડોક્યુમેન્ટરીના માધ્યમ દ્વારા લોકો સુધી પહોંચાડવાનો પ્રયાસ જયારે પણ થાય જેમના દ્વારા પણ થાય એ હંમેસા આવકારદાયક રહે છે.



કોઈ એક વ્યક્તિ યુવા વયથી જ ચોક્કસ દિશામાં - નિર્ધારિત લક્ષ્ય સાથે ગતિ કરે છે, પ્રજાજીવનના પ્રવાહોને પારખે છે અને લોકહૃદય પર જેમના જીવનની અસર છે તેવા વ્યક્તિઓને કચકડામાં મઢે છે ત્યારે એ વધુ જવાબદારી માગી લેતું કામ થઈ જાય છે.

દસ્તાવેજી ચિત્રો એક અર્થમાં આવનારી પેઢીઓ માટે ઈતિહાસ છે એમાં અધિકૃત વાત કહેવામાં આવી હોય છે અને એથી જ એ પછીથી દાયકાઓ સુધી સચવાય છે.

આવી ફિલ્મો જયારે જયારે જોવા મળે અથવા કોઈ એના પર કામ કરે ત્યારે સર્જનાત્મકના અને ઐતિહાસિકતાના અજવાળાય પથરાય છે.

●●●

Doing a documentrary is about discoveringm being open hearing and following curiosity

- Spike Jonse